## જન્મદિને વધામણી


ધ્રુવકુમાર ગણપતરામ જોષી
અધ્યક્ષ, ભારતીય પરંપરા બચાવો અભિયાન
મો. ૯૮૯૮૬ ૧૬૯૭૨


ઋતુશ્રી વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮


કૃપા જિતેન્દ્રભાઈ રાવલ
મો. ૯૮૯૮૦૦૭૫૪૩


ધ્યેય મેવાડા
મો. ૯૨૨૮૧ ૯૦૯૦૯


દક્ષરાજસિંહ ઝાલા
મો. ૯૮૭૯૮ ૧૨૨૧૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આજે સે. ૨૨ ખાતે આધ્યાત્મિક ગુરુ ફૂલચંદભાઈ શાસ્ત્રીનું જાહેર વ્યાખ્યાન



ગાંધીનગર, તા. ૧૨
શ્રીમદ રાજચંદ્રજી દ્વારા રચિત આત્મસિદ્ધિ શાસ્ત્રનો ૧૪૨ દેશોની ૪૧૫ ભાષાઓમાં અનુવાદ કરીને તેનો વિશ્વમાં પ્રસાર કરનાર આધ્યાત્મિક ગુરુરાજ ફૂલચંદભાઈ શાસ્ત્રીનું જાહેર વ્યાખ્યાન રવિવાર, તા. ૧૩ માર્ચના રોજ સાંજે ૭.૩૦થી ૯ દરમ્યાન શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, પ્લૉટ નં. ૫૩૩, ગુરુકુળ પાસે, સૅક્ટર-૨૨, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે.

સૌ ધર્મપ્રેમીઓ, ભાવિકોને આ પ્રવચનનો લાભ લેવા માટે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ગાંધીનગર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગુરુરાજ ૧૮ ભાષાઓના જાણકાર છે અને વિશ્વનાં ૫૩ જેટલાં દેશોની યાત્રા કરીને પ્રેમ, કરૂણા અને માનવતાનો સંદેશ પહોંચાડી રહ્યા છે.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ માટે પાર્ટ ટાઈમ જૉબ પ્લેસમેન્ટ



ગાંધીનગર, તા. ૧૨
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનના કુલ ૭૦ વિદ્યાર્થીઓ પાર્ટ ટાઈમ જોબ પ્લેસમેંટ માટે ઈંટરવ્યૂ આપવા માટે કૉલેજ પરિસર ખાતે આવ્યા હતા.

મેનેજમેન્ટનાં આ વિદ્યાર્થીઓ એવું પ્રતિપાદિત કરવા ઈચ્છતા હતા કે 'અમે ભણવા ની સાથે સાથે અમારો અભ્યાસક્રમ બગડે નહી તે રીતે પાર્ટ ટાઈમ જોબ કરીશું જેથી અમારો અભ્યાસ ખર્ચ નીકળે તેમજ અમને નોકરીનો અનુભવ પણ મળે.' આથી કૉલેજ દ્વારા તેમના માટે પાર્ટ ટાઈમ જોબ પ્લેસમેંટ નું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી માટે કૉલેજ દ્વારા "પ્રિ-પ્લેસમેંટ" વાર્તાલાપ પણ યોજવામાં આવ્યો હતો, જેમાં ફાઈનલ ડેસ્ટિનેશન (કમ્પ્લિટ સોલ્યૂશન)ના ઍચ. આર. મેનેજર અભિષેક ભટ્ટ તેમજ કંપનીનાં ઍડમીન ઑફીસર કાનલબેન દ્વારા વિદ્યાર્થીઓને વિગતવાર માર્કેટીંગ પ્રેક્ટિસ વિષે સમજ આપવામાં આવી હતી. જૉબ દરમ્યાન પોતાની પ્રોફાઈલ કેવી હશે તેનાથી પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. " પ્રિ- પ્લેસમેંટ ટ્રેનિંગ " પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની પસંદગી માટે પ્રથમ રાઉંડનું આયોજન થયું, જેમાં કુલ ૩૫ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા. આ તમામ વિદ્યાર્થીઓ માટે બીજા રાઉંડ નું આયોજન પણ તે જ દિવસે કરવામાં આવ્યું હતું. જમાં વિદ્યાર્થીઓની કોમ્યુનીકેશન સ્કિલ્સ, ઍનાટીકલ તેમજ લૉજિકલ સ્કિલ્સ તેમજ પ્રેજન્ટેશન સ્કિલ્સ ને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

બીજા રાઉન્ડને અંતે ૧૫ વિદ્યાર્થીઓ નું સિલેક્શન કરવામાં આવ્યું અને આ બધાજ વિદ્યાર્થીઓને બીજા દિવસે ફાઈનલ ડેસ્ટિનેશનની ઑફીસ પર જોબ પ્રોફાઈલ સમજાવી ત્રણ કલાક ની ટ્રેનિંગ આપવા માં આવી હતી.

કૉલેજ દ્વારા થયેલી આ પ્રવૃતિને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી. કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ, પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટિના હેડ ડૉ. જયેશ જે.તન્ના તેમજ સમગ્ર ટીમ દ્વારા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

### આજે ગાંધીનગર સાહિત્ય સભામાં

# ગુજરાતી ભાષા વિષયે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગર સાહિત્ય સભા છેલ્લાં ૧૯ વર્ષથી મહિનાના બીજા રવિવારે ગુજરાતી સાહિત્યની સેવા અને પ્રસાર, ગૌરવ કાજે નિયમિત મળે છે. ભરત કવિના પ્રમુખ પદે રવિવાર, તા. ૧૩ના રોજ સાંજે સાડા પાંચ વાગે નમન ઍપાર્ટમૅન્ટ, મહારાષ્ટ્ર ભવનની સામે, સૅક્ટર-૨૧ ખાતે સાહિત્ય સભાની બેઠક આ ક્રમમાં મળશે, જે અંતર્ગત કડી સર્વ વિદ્યાલય કૅમ્પસના ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ 'ગુજરાતી ભાષા પરિવર્તનની દિશામાં' વિષયે પોતાનું વ્યાખ્યાન આપશે.

નગરના સૌ સાહિત્યકારો અને સાહિત્ય, ગુજરાતી ભાષા પ્રેમી નાગરિકોને આ કાર્યક્રમનો લાભ લેવા ગાંધીનગર સાહિત્ય સભા વતી મંત્રી સંજય થોરાત દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જે બી પ્રાથમિક શાળામાં ઈનામ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં દર વર્ષે શાળાકીય સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. વક્તૃત્ત્વ, નિબંધલેખન, વિજ્ઞાન પ્રદર્શન, શિક્ષક દિન, કાવ્યપઠન, વાર્તાકથન, રમતોત્સવ, બાલ મહોત્સવ, બર્થ ડે કાર્ડ મેકિંગ સ્પર્ધા જેવી સ્પર્ધાઓ વર્ષભરના સમય પત્રક અંતર્ગત યોજવામાં આવે છે.

આ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા ૪૫૫ જેટલા વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ વિતરણ સમારોહનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

ઈનામની સાથોસાથ આ વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી આચાર્યા નીવાબેન પટેલ તથા સ્ટાફે અભિનંદન સહ આશીર્વાદ પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

# સરકારી વિજ્ઞાન કૉલેજનું ગૌરવ


સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર ખાતે સૅમેસ્ટર-૬માં વનસ્પતિ શાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થી કમલેશ જીવાભાઈ ગઢવી, કેશવ જોઈતાભાઈ પટેલ, હાર્દિક લક્ષ્મણભાઈ વાઘેલા અને દુષ્યંત મનુભાઈ પટેલે પિલવાઈ સાયન્સ કૉલેજ ખાતે તાજેતરમાં યુજીસી પ્રાયોજિત રાજ્યકક્ષાની ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કૉલેજ અને શહેરનું નામ રોશન કર્યું છે. સમગ્ર કૉલેજ પરિવાર તથા આચાર્ય પી એ વાઢેરે આ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
તેરા સુરૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦..
**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રજી)
૫.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧.૦૦
જય ગંગાજલ
૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦
નીરજા
૧.૦૦, ૭.૧૫
શૂરવીર
૪.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
તેરા સુરૂર
સવારે ૧૦.૦૦
જય ગંગાજલ
૧૨.૩૦



ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે 'રોલ ઑફ સ્ટેકહોલ્ડર્સ ઈન અર્લી ચાઈલ્ડહૂડ ઍજ્યુકેશન કૅર ઍન્ડ ન્યુટ્રીશન' વિષયે સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાઈલ્ડ રાઈટ્સ ઍન્ડ યુ દ્વારા આયોજિત આ સૅમિનારમાં વક્તા તરીકે ઍસસીપીસીઆરનાં ચૅરપર્સન જાગૃતિબેન પંડ્યા, આઈસીડીઍસ ગાંધીનગરના જૉઈન્ટ ડિરેક્ટર કે આર વસાવા, ઈસીસી ગાંધીનગરનાં સ્ટેટ કન્સલ્ટન્ટ શીલા ઘોઘારિયા, નૅશનલ ઍડવોકેસી ઍલાયન્સ ફૉર રાઈટ ટુ ઈસીડી ઍન્ડ મોબાઈલ ક્રિચિસનાં સુદેશણા સૅનગુપ્તા, ઍમ ઍસ યુનિવર્સિટી, બરોડાનાં હેમાંગિની ગાંધી, ચેતના ઍનજીઓનાં મિનાક્ષી શુક્લા અને ન્યુટ્રીશન સૅલ, ગાંધીનગરનાં રિજનલ પ્રોગ્રામ ઍસોસિએટ મનિષા બારોટ ઉપસ્થિત રહ્યાં હતાં. શિશુ સંભાળ, શિક્ષણ અને પોષણ અંગે મહત્ત્વની બાબતોની ચર્ચા સૅમિનાર અંતર્ગત કરવામાં આવી હતી.

### સિલ્ક પર શાંતિનો સંદેશ આપતા ગૌતમ બુદ્ધ અને ઈઠલાતી ગૌરી

# શહેરમાં સિલ્ક એક્ઝિબિશનનો શુભારંભ




ગાંધીનગર, તા. ૧૨
કૉટન સિલ્ક વીવર્સ વેલફેર એસોસિએશન દ્વારા ગાંધીનગરમાં આયોજિત સિલ્ક એક્ઝિબિશન વીવ્ઝ ઑફ ઈન્ડિયામાં વણકરો અને ચિતેરો દ્વારા સિલ્ક પર તૈયાર અનુપમ સંગ્રહ જોવા મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે. પ્રદર્શનમાં જ્યાં કલાકારોએ સિલ્ક પર શાંતિનો સંદેશ આપતા ગૌતમ બુદ્ધની આકૃતિને બનાવી ત્યાં પનઘટ પર પાણી ભરતી યુવતી અને ગ્રામીણ પરિવેશની સંદર ઝલક રજૂ કરી છે. કૉટન સિલ્ક વીવર્સ વેલફેર એસોસિએશનના સચિવ જયેશ ગુપ્તાએ જણાવ્યું કે, દેશભરના સિલ્ક કારીગરોના ઉત્પાદનો પ્રદર્શન માટે સમિતી દ્વારા ફોર્ચ્યુન ઈન હવેલી, ઈમ્પિરિયલ હોલ, સેક્ટર ૧૧, ગાંધીનગર પર ૧૨ માર્ચથી ૨૦ માર્ચ સુધી આ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદર્શનમાં દેશભરના સિલ્ક કારીગર પોતાના શ્રેષ્ઠ ઉત્પાદનો સાથે આવ્યા છે. કારીગોરએ ખૂબ જ સુંદરતા સાથે સિલ્ક પર પોતાની કલ્પનાઓને આકાર આપ્યો છે.

પ્રદર્શનમાં પશ્ચિમ બંગાળથી આવેલા શાંતનુએ વિષ્ણુપુરી સિલ્ક અને ખાદી સિલ્ક પર જંગલમાં રમતા હરણ, આકાશમાં ઉડતા ઉન્મુક્ત પક્ષીઓને દર્શાવ્યા છે. વણકર શુભાષિશ પોતાની સાથે આરી સ્ટીચ વર્કની સાડીઓ લાવ્યા છે. આને બનાવવા માટે પહેલા સિલ્ક પર પેઈન્ટિંગ કરવામાં આવે છે પછી પેઈન્ટિંગ પર દોરાથી વણવામાં આવે છે. એક સાડીને બનાવવામાં માટે ત્રણ મહીનાનો સમય લાગે છે. આરી સ્ટિચના વર્કથી તેમણે કોલકત્તાના ગ્રામીણ જનજીવનને દર્શાવ્યું છે. ગામની પગદંડી, ચોપાલ, પનિહારી તેમની આ કળાનો ભાગ છે. ભાગલપુર બિહારથી આવેલ સોનૂ અંસારીએ સિલ્ક પર શાંતિનો સંદેશ આપતા ગૌતમ બુદ્ધને દર્શાવ્યા છે.

જયેશ ગુપ્તાએ વધુમાં જણાવ્યું કે, પહેલા જ દિવસે પ્રદર્શનને જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે. પ્રદર્શન ૨૦ માર્ચ સુધી ચાલશે. કલાપ્રેમીઓ સવારે ૧૧ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી પ્રદર્શન જોવા માટે આમંત્રિત છે.

# ગુજરાત યુનિ. વિદ્યાર્થી સેનેટની ચૂંટણી રદ કરવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૨
ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટની ચૂંટણી રદ કરી દેવાનાં અહેવાલો પ્રકાશિત થયાં છે. આ અહેવાલો જણાવે છે કે સત્તાવાર જાહેરાત સરકારનો અભિપ્રાય મળ્યા પછી કરવામાં આવશે. છેલ્લા એક સપ્તાહથી વિદ્યાર્થી સેનેટની ચૂંટણીને લઈને ઊભી થયેલી પરિસ્થિતિ બાદ હવે કોઈપણ સંજોગોમાં ચૂંટણી થઈ શકે તેમ નથી તેવો અભિપ્રાય રજિસ્ટ્રારે આપી દીધો છે. આ સંજોગોમાં ચૂંટણી રદ કરવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી.

# મનાલી ખાતે ટ્રેકિંગ કૅમ્પ

ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગરની યુનિવર્સલ સંસ્થા દ્વારા આગામી તા. ૨૪ મે થી ૧ જૂન દરમ્યાન મનાલી ખાતે ટ્રેકિંગ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

કૅમ્પ દરમ્યાન ટ્રેકિંગ, માઉન્ટેન વૉક, જંગલ ટ્રેક, ક્લાઈમ્બિંગ, રેપ્લીંગ, રીવર ક્રોસિંગ, રાફટીંગ, કૅમ્પ ફાયર જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. આ કૅમ્પ માટે વહેલા તે પહેલાના ધોરણે નામની નોંધણી કરવામાં આવી રહી છે, એમ જણાવતાં કૅમ્પ ડિરેક્ટર જતિન દવે (મો. ૭૪૦૫૨૬૭૭૨૭, પ્લૉટ નં. ૩૮૬/એ-૧, સૅક્ટર-૧૨ સી) દ્વારા રસ ધરાવતા વ્યક્તિઓને કૅમ્પમાં જોડાવા પોતાનાં નામ નોંધાવવા જણાવવામાં આવ્યું છે.

# ધરતીનું જતન કરવાના પ્રયાસમાં સહભાગી થઈએ

માનવીય પ્રવૃત્તિઓ પ્રાકૃતિક જળવાયુ વ્યવસ્થા પર પ્રચંડ અસર કરી તેમાં થતા અનિચ્છનિય પરિવર્તનનું કારણ બની છે. તેથી વિશ્વના લોકોને એક તાંતણે જોડી જળવાયુ પરિવર્તન એટલે કે ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃત કરવા તેમજ તેનો અટકાવ કરવાના હેતુથી વર્ષ ૨૦૦૭થી પ્રતિવર્ષ 'અર્થ અવર' મનાવવામાં આવે છે.




શ્રી લોહામા મહાપરિષદ પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ કિરીટ ભીમાણી અને મંત્રી આલાપ પંડિતે આ માહિતી આપતાં જણાવ્યું છે કે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પર્યાવરણ સમિતિ સાથે સંકળાયેલા તમામ લોકોને 'અર્થ અવર' સાથે જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણ સમિતિની સાથોસાથ મહાપરિષદના પ્રમુખ પ્રવીણભાઈ કોટક, ઉપપ્રમુખ ઉમંગભાઈ ઠક્કર, મહામંત્રી હિમાંશુભાઈ ઠક્કર, પિયુષભાઈ ગંઠા દ્વારા સમાજના સૌ લોકોને 'અર્થ અવર'માં જોડાવા માટે અપીલ કરવામાં આવી છે.

આ અભિયાનમાં કોઈપણ વ્યક્તિ જોડાઈ શકે છે, તેણે માત્ર આટલું કરવાનું છે :

૧) ૧૯ માર્ચ, ૨૦૧૬ના રોજ રાત્રે ૮.૩૦થી ૯.૩૦ દરમ્યાન વીજ વપરાશ બંધ કરવો અથવા અત્યંત જરૂરી હોય તેવાં જ વીજ સાધનો ચાલુ રાખી અન્ય વીજ સાધનો બંધ કરી વીજ વપરાશ શૂન્ય અથવા નહીંવત બનાવવો.

૨) વધુમાં વધુ લોકોને આમ કરવા માટે પ્રોત્સાહિત કરો.

જે કોઈ વ્યક્તિ આ અભિયાનમાં જોડાય તે પોતાના નામ, ગામ, ફોન નંબર સહિતની વિગતો તા. ૧૫ માર્ચ સુધીમાં પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય મંત્રી આલાપ પંડિતને (મો. ૯૪૨૮૮ ૨૬૪૪૮, ઈમેઈલ : pandit.alap@gmail.com) રજિસ્ટર કરાવી શકે છે.

આ કાર્યક્રમને અર્થ અવરના પૉર્ટલમાં રજિસ્ટર કરવામાં આવશે અને અભિયાનમાં જોડાયેલા લોકોની યાદી સંકલિત કરી શ્રી લોહાણા મહાપરિષદને સોંપવામાં આવશે.

સૌ નાગરિકોને આ અભિયાનમાં જોડાઈ અન્ય લોકોને પણ આ માટે પ્રોત્સાહિત કરવા ને એ દ્વારા ધરતીનું જતન કરવાના પ્રયાસમાં સહભાગી થવા પરિષદ અને સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ગાંધીનગરના કલાકાર સુરેશ રત્નોત્તરનું સુગમ સંગીત દૂરદર્શન દ્વારા પ્રસારિત



ગાંધીનગર, તા. ૧૨
નગરના જાણીતા કલાકાર સુરેશકુમાર એસ રત્નોત્તર દ્વારા સુગમ સંગીતની પેશકશ દૂરદર્શન દ્વારા પ્રસારિત કરવામાં આવશે. તારીખ ૧૩ માર્ચ ને રવિવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે ડીડી ગિરનાર ચૅનલ આ પ્રસારણ કરશે, જેમાં કલોલના યુવા કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ'ની બે ગઝલો 'રોજ પાડે કોણ આવો સાદ, જોવા દે મને...' અને 'આંખ બે ખુલ્લી હશે તો ભૂલ કઈ રીતે થશે ?' અને મુકેશ માલવણકરનું ગીત 'દીકરી મારી લાડકવાઈ' પ્રસ્તુત કરવામાં આવશે. સંગીત સંચાલન દીપેશ દેસાઈ દ્વારા કરવામાં આવશે. નગરના ગીત-ગઝલ-સંગીત રસિકોને આ કાર્યક્રમ માણવા સુરેશભાઈ દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.